# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૧૬-૦૪-૨૦૨૨

**સરકારી ડિગ્રી-ડિપ્લોના ઈજનેરી કોલેજોમાં અધ્યાપકોની ૫૫ ટકા જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. ટેકનીકલ શિક્ષણની અવદશા માટે ભાજપ સરકાર સીધી જવાબદાર** હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની ૨૩૪ જગ્યાઓ ભરાયેલ અને ૩૦૦ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૩ની ૧૯૦ જગ્યાઓ ભરાયેલ અને ૨૯૮ જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રધ્યાપક વર્ગ-૨ની ૧૧૭૫ જગ્યાઓ ભરાયેલ અને ૫૫૭ જગ્યાઓ ખાલી છે. ૩૧-સરકારી પોલીટેકનિક કોલેજોમાં વર્ગ-૧ની ભરાયેલ ૯૫ સામે ૭૯ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૩ની ૩૭૭ ભરાયેલ સામે ૬૯૦ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૪ની ૧૪૦ ભરાયેલ સામે ૩૮૫ જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજમાં વર્ગ-૨ની ૧૭૫ જગ્યાઓ ખાલી છે. ડીસેમ્બર-૨૦૨૧માં ૧૩૯ જગ્યાઓ ખાલી હતી તેમછતાં માત્ર ૩૪ જગ્યાઓ જ ભરવામાં આવી છે. જગ્યાઓ ભરવામાં આવે છે તેના કરતાં ખાલી જગ્યાઓ વધુ થાય છે. રાજ્યમાં સરકારી પોલીટેનીક કોલેજમાં વર્ગ-૩ની ૬૯૦ જગ્યાઓ ખાલી છે. ડીસેમ્બર – ૨૦૨૧માં ખાલી જગ્યાઓ ૬૫૩ હતી તેમાં વધારો થયો છે, તેમછતાં એકપણ જગ્યા ભરવામાં આવી નથી. રાજ્યમાં ૧૬ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ષ ૨૦૨૦માં વર્ગ-૧ની ૨૯૬ જગ્યાઓ ખાલી હતી તેમાં વધારો થઈને હાલમાં ૩૦૦ જગ્યાઓ ખાલી છે. ખાલી જગ્યાઓમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે તેમ છતાં ઉક્ત જગ્યાઓ વર્ષોથી ખાલી હોવા છતાં તાત્કાલિક ભરવા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. રાજ્યમાં ૩૧ સરકારી પોલીટેકનિક કોલેજો આવેલી છે. વર્ગ-૧ની ભરાયેલ ૯૫ સામે ૭૯ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૩ની ૩૭૭ ભરાયેલ સામે ૬૯૦ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૪ની ૧૪૦ ભરાયેલ સામે ૩૮૫ જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં ૧૬ સરકારી ઈજનેરી કોલેજો આવેલી છે. વર્ગ-૧ની ભરાયેલ ૨૩૪ સામે ૩૦૦ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૩ની ૧૯૦ ભરાયેલ ૨૯૮ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૪ની ૮૬ ભરાયેલ સામે ૧૭૯ જગ્યાઓ ખાલી છે. **અધ્યાપકો – લેબ આસીસ્ટન્ટ સહિતની ખાલી જગ્યાઓને કારણે સરકારી ડિગ્રી – ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમોની ગુણવત્તા પર મોટી અસર** પડી રહી છે.

રાજ્યમાં વર્ષોથી **ભાજપના શાસનમાં ઉચ્ચ શિક્ષણનું સ્તર સતત કથળતું જાય છે, સરકારી કોલેજો બંધ કરવી અને ખાનગી કોલેજોમાં લાખોની ફી ઉઘરાવે તેને મંજુરી આપવી આ નીતિ ભાજપની** રહી છે. ભાજપ શાસનમાં સરકારી શાળા-કોલેજોમાં ઓરડાઓ સહિત ભૌતિક સુવિધાઓનો ખૂબ જ અભાવ અને શિક્ષકો, અધ્યાપકો અને વહીવટી સ્ટાફની હજારો જગ્યાઓ ખાલી હોવાના કારણે સરકારી શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓનો ભવિષ્ય પર ગંભિર અસર પડી રહી છે. **કેન્દ્રની ભાજપ સરકાર શિક્ષણ માટે પુરતા નાણા ફાળવણી ન કરીને ગુજરાતના નાગરીકોને અન્યાયની થપ્પડ** મારી રહી છે.

| વિગત | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| સરકારી પોલીટેકનિક કોલેજો | વર્ગ-૧ | ૧૭૧ | ૯૫ | ૭૯ |
| | વર્ગ-૨ | ૨૨૩૨ | ૨૧૦૮ | ૧૨૪ |
| | વર્ગ-૩ | ૧૦૬૭ | ૩૭૭ | ૬૯૦ |
| | વર્ગ-૪ | ૫૨૫ | ૧૪૦ | ૩૮૫ |
| | કુલ | ૩૯૯૫ | ૨૭૨૦ | ૧૨૭૮ |
| સરકારી ઈજનેરી કોલેજો | વર્ગ-૧ | ૫૩૪ | ૨૩૪ | ૩૦૦ |
| | વર્ગ-૨ | ૧૪૬૭ | ૧૨૯૨ | ૧૭૫ |
| | વર્ગ-૩ | ૪૮૮ | ૧૯૦ | ૨૯૮ |
| | વર્ગ-૪ | ૨૬૫ | ૮૬ | ૧૭૯ |
| | કુલ | ૨૭૫૪ | ૧૮૦૨ | ૯૨૫ |
| સરકારી પોલીટેકનિક અને ઈજનેરી કોલેજોમાં કુલ | | ૬૭૪૯ | ૪૫૨૨ | ૨૨૩૦ |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા